# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૦૪ • તા.૬ એપ્રિલ થી ૧૪ એપ્રિલ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનની

## સંજીવની યોજનામાં ઉદાર હાથે સહાય કરનાર તમામ દાતાઓની

# ખૂબ ખૂબ અનુમોદના

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-ઃ સંપાદક ગણ ઃ-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**

**ચંદ્રેશ વિરચંદ છેડા**

**-ઃ કાર્યાલય ઃ-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ ઃ** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# ધનપતિની મનોવૃત્તિ

મહાનચિંતક રસ્કિન કહ્યું છે કે જે માણસ પોતાના ધનમાંથી દાન કરી શકે છે અને બીજાને આપી શકે છે તે ખરેખર શ્રીમંત છે. ધનના ઢગલા પડ્યા હોય પણ અન્યને આપવા માટે હાથથી છૂટી ન શકે એ ધન ધૂળ બરાબર છે. પોતાની પાસે જરૂરિયાત કરતાં ઓછું હોય તે છતાં બીજાને તેમાંથી આપી શકે તે મનનો મહારાજા છે. આ ઉદારતા ધન્ય ધન્ય છે. કેટલાક માણસો અજ્ઞાત ભયના કારણવશ કે નામના અર્જિત કરવા મને કમને થોડુ ઘણું ધન કરનાર અને મેં આટલું ધન દાન કર્યું. આટલી સખાવત કરી આવો ઢંઢેરો પીટનારાને પુણ્ય જમા થાયે તેના કરતાં વધુને વધુ પ્રસિદ્ધિ મળે એમાં રસ હોય છે. જે જાહેરાત કરીને દાન કરે છે, જે વાતે વાતે ગણત્રી કરીને સખાવત કરતો હોય એ માણસ સાચો દાનવીર નહીં પણ ખરો વેપારી છે.

માણસ ધન કમાય છે અને તેનો સંગ્રહ કરે છે. સંગ્રહેલી સંપતિ દિવસો દિવસ વધતી રહે છે. પણ તેનો ઉપયોગ થતો નથી બહુધા લોકો જીવનમાં જેટલું કમાય છે. જેટલું ધન સંગ્રહ કરે છે તેટલું વાપરી શકતા નથી. જમા કરેલું ધન તિજોરીમાં બંધ રહી જાય છે અને જીવ પરલોક સિધાવી જાય છે. ઉપયોગ કર્યા વગરની સંપતિથી વધુ સુખ મળતું નથી. વધુ કમાણીની આશાથી અસંતોષ જન્મે છે અને લાય બળતરામાં સુખ ક્રમશ ઘટતો જાય છે. તૃષ્ણા અને લોભ મન પાસે ન કરવાના કામ કરાવે છે. લાભને થોભ નથી. જેટલું મળ્યું છે એ ઓછું લાગે છે. બધે બધુ મળી જાય તો પણ મન ભરાશે નહીં લોભની દ્રષ્ટિ લાભ મેળવવા તરફ હોય છે. તેમને સંતોષ ધરવ કદી થવાનો નથી. તેમની ધન વધુ મેળવવાની લાલસા, તૃષ્ણા દિવસો દિવસે વધતી જાય છે એ કદી તૃપ્ત થવાની નથી. તેમની આશા વણછીપી રહે છે. આજે જે નથી મળ્યું તે આવતી કાલે મળશે એ આશામાં તે સતત હડીયા પટ્ટી કરે છે. લોભનું સ્વરૂપ સુક્ષ્મ છે પણ તેનો વિસ્તાર ઘણો વિશાળ છે. ધનના મોહમાં માણસ અંધ બની જાય છે. પછી તે મનો ચક્ષુની સુક્ષ્મ નજરથી તે શું વર્તન કરે છે. કઈ દિશામાં ગમન કરે છે તે પણ તેને ખબર પડતી નથી. સ્વભાવથી લોભી હોય તે જલદી પરખાઈ જાય છે. પણ જેમની મનોવૃત્તિ ટૂંકી હોય તે કળાતો નથી. મોહ માણસની આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાઈ આવે. પરંતુ જેમનું મન લોભી હોય એ ઝટ કળાતો નથી. લોભીને પોતાને પણ જાણ નથી હોતી. તે પોતાની જાતને ઉદાર, દિલદાર સમજતો હોય છે. અન્યના દુઃખને જોઈને તેને અરેરાટી થાય છે. પણ તેમાંથી તેને ઉગારવા પ્રયત્ન કરતો નથી કે તેને તેના દુઃખમાં ઉગારવા સ્વ પ્રયત્ન કરતો નથી કે પોતાની શક્તિ સંપતિ કે સાધનનો ઉપયોગ કરતો નથી.

માણસને ગજાથી અધિક મળે એ પણ ચિંતાનો બોજ છે. જેટલું નિજાનંદપૂર્વક વપરાશ થાય. પોતાના માટે નહીં પણ અન્ય માટે ઉપયોગી થાય એ ધન-સંપતિ કલ્યાણકારી છે. જેટલું ધન સારા માર્ગે વપરાય એનાથી દીન દુખિયાના કષ્ટ હરાય, તેમના આંસુ લૂંછવા માટે વપરાય તે ધનની સદગતિ છે. સારી દિશા છે અને ધન માલિકની પ્રગતિ છે.

-જય જ્ઞાતિમૈયા

# નારીની પ્રકૃતિ નવરંગી

માનસશાસ્ત્રીઓએ સંશોધન કરીને પુરવાર કર્યું છે કે સ્ત્રીઓ રંગ ઓળખવામાં પુરૂષો કરતાં પાવરધી હોય છે. તે અનેક રંગોમાં જીવે છે. દરેક જાતના રંગોના સ્વભાવમાં જીવે છે, તેણીઓને રંગોમાં વિશેષ રસ રૂચિ હોય છે. પુરૂષોના વસ્ત્ર પરિધાન એક બે કે ચાર કલર સુધી સીમિત હોય છે જ્યારે સ્ત્રીઓના પોશાકમાં, શણગાર સાજની વસ્તુઓમાં અઢળક રંગોનો પ્રભાવ વર્તાય છે. પુરૂષો વ્યસનમાં વ્યસ્ત રહે છે જ્યારે સ્ત્રીઓ ફેશનમાં મસ્ત રહે છે. ઓઢણી, બાંધણી, નેઈ પોલિશ, નેઈલ આર્ટ, લિપસ્ટિક, હેર કલર, મેચિંગ ઈયરિંગ્સ, ડાયમન્ડ પેડન્ટ, મેચિંગ ચંપલ, સેંડલ કે સ્લીપર, પર્સ, ટોટ બેંગ, બકલ, હેર બેન્ડ, હેટ, કેપ ઈત્યાદિ ઈત્યાદિ.

લીલો, પીળોને વાદળી મૂળ રંગ કહેવાય બાકી બધાં મેળવણીથી થાય. એવું કહેવાયું છે. આમ વિવિધ રંગોની મિલાવટથી નવરંગી રંગોની ભાત સર્જવામાં સ્ત્રી મોખરે રહે છે. સ્ત્રીઓનો સ્વભાવ રંગોથી રમવાનો સામે વાળાને પોતાની રૂપ સજ્જા, વાક્ચાતુર્યથી કે હાવભાવ અંગ મરોડથી રંગી દેવાનો અને સમીપ આવેલ વ્યક્તિના જીવનમાં રંગ ભરી દેવાનો કસબ હોય છે. સ્ત્રીના આગમનથી જીવનના બ્લેક વાઈટ રંગમાં મલ્ટીકલરની આભા મળે છે. દરેક રંગનો અલગ પ્રભાવ, અલગ અસર અને અલગ ઓળખ છે. દરેક આપણા મન અને લાગણીઓ ઉપર ઊંડી અસર કરે છે. રંગોની પસંદગીથી સંવેદનાઓ લાગણીઓ વ્યક્ત થાય છે. રંગોનું વિજ્ઞાન છે, શાસ્ત્ર છે, સાહિત્ય છે એટલે રંગોની પસંદગી કરતાં પહેલાં તેના ગુણધર્મ, સ્વભાવ અને અસરનો પ્રભાવ જાણી લેવું જરૂરી છે.

**લાલ રંગ** પ્રેમ, ગુસ્સો અને ઉતેજના જેવી આવેગની લાગણીઓની અભિવ્યક્તિ કરે છે. જે શક્તિ, શૌર્ય અને શુભ લાગણીઓ વ્યક્ત કરે છે. લોહીનો રંગ લાલ છે. નવવધૂ લાલ ઘરચોળો પહેરી નવું જીવન શરૂ કરે છે. **લીલો રંગ** પ્રકૃત્તિની ઓળખ છે. શાંત અને તાજગી પ્રદાન કરે છે. આરોગ્ય, સમૃધ્ધિ અને સ્વાસ્થ્ય સંતુલિત હોવાનો ભાવ પ્રગટ કરે છે. એટલે જ ટ્રાફિક સર્કલ પર ગ્રીન રંગનું સિગ્નલ આગળ વધવાની સંજ્ઞા પ્રદાન કરે છે. **બ્લૂ** એટલે કે વાદળી, આસમાની કલર શાંતિ, સ્થિરતા અને વિશ્વાસની લાગણી સાથે સંકળાયેલો છે. આકાશ અને સમુદ્રનો રંગ બ્લૂ છે જે અનંત વિશાળ અને વિપુલતા હોવાનું કહે છે. **નારંગી રંગ** લાલ અને પીળા રંગની મેળવણીથી ખીલે છે. સર્જકતા અને ઉત્સાહ સર્જક છે. સાહસનું દર્શન કરાવે છે. **પીળો રંગ** તેજસ્વી અને ઉર્જા સભર છે. ખુશ અને સકારાત્મક લાગણીઓનું પ્રાગટ્ય દર્શાવે છે. તે શુભ ભાવ દર્શાવે છે. **ગુલાબી રંગ** સ્ત્રીત્વ અને રોમાંસ સાથે સંકળાયેલો છે. શીતળતા અને રમણીયતા સર્જક છે. **બ્રાઉન** ભૂખરો રંગ માટીનો રંગ છે. હૂંફ અને આશરો આપવાનો ભાવ આપે છે. **કાળો રંગ** અશુભતા પ્રગટ કરે છે. રહસ્ય અને વિરોધ ભાવ, નકારાત્મકતાનો સંકેત આપે છે. **સફેદ રંગ** શુધ્ધતા, પારદર્શક વ્યવહાર સરળ વ્યવહાર અને સ્પષ્ટ આચરણની ભાવના આપે છે. **ગોલ્ડન** અને **સિલ્વર કલર** મોંઘેરી ધાતુઓના રંગ વૈભવ અને પ્રતિષ્ઠા પ્રદાન કરે છે.

આમ વિવિધ રંગોની અલગ અલગ ઓળખ છે. સ્ત્રી પોતે આવા રંગોમાં જીવીને બીજાઓનું જીવન રંગીલું, ભાતીગળ અને ભાવથી ભરપૂર બનાવે છે. એટલે નારી એ નવરંગી રંગો સર્જતી રત્ના છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**


**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**



HOME LOAN



CAR LOAN



eAUTO LOAN




2 WHEELER LOAN

***7.49%**
(p.a.)



GOLD LOAN



COMMERCIAL VEHICLE LOAN



EDUCATION LOAN



LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



SADA AAPKE SANG, ARIHANT www.arihantbank.com @ Arihant Bank

# Anumodana

## Sanjivani Case - 127

**Name : Baby of Anita Kaushik Poladia(Shah), Age : Premature Baby. Village:Bayath (Haal: Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 50,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Mandal, Dombivli | 1,500.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher ( Silent Donor) | 1,21,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 20,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Karan Girish Meisheri | 10,000.00 |
| Shri Bhavik Hanskumar Chheda, Sujapur - Bhandup | 5,001.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Manishbhai Pravin Momaya, Coimbatore | 5,000.00 |
| Shri Bhavesh Chandrakant Shah | 5,000.00 |
| Miss Hiral Pradip Ratilal Lodaya | 5,000.00 |
| Shri Ajay Dharamshi | 5,000.00 |
| Shri Harish Thakershi Shiyad | 4,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Matushri Lilavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Manish Jayant Shah, Bangalore | 2,500.00 |
| Shri Deepesh C Shah | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Jivraj Mulji Lapasiya ( Desai ), Raichur | 2,000.00 |
| Shri Kartik Mahendra Shah | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai, Raichur | 2,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar , Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Pradip V. Sayla, Vapi | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayra - Adipur | 500.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Well Wisher | 202.00 |
| Shri Rushabh Anil Shah | 51.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 130

**Name : Mrs. Priya K Dharamsey, Age : 58 yrs. Village: Manjal Reladia (Haal: Mulund)**

| | |
|---|---|
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 50,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Sangh, Pune | 2,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Bangalore | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri (H: Shri Tileshbhai & Shri Nileshbhai Meisheri, Mulund - Dubai | 20,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Diamond Patrons** | |
| Shree KDO Classic Foundation, Mumbai | 5,000.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,500.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,500.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,500.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,500.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,500.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,500.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,500.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,500.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,500.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,500.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore ( H: Rahul & Aarti, Sandeep & Debor | 2,500.00 |
| Master Vihaan Pratik Dand ( H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai | 2,500.00 |

| Silver Patrons | |
|---|---|
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 2,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000.00 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000.00 |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 2,000.00 |
| **Genral Sanjivani Patron** | |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 700.00 |
| **Individual Donors** | |
| Well Wisher, Silent Donor | 71,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Dnyanesh Chimanlal Daga, Varadiya, Pune ( Patronics Eboards Pvt. Ltd. ) | 5,000.00 |
| Shri Harish Thakarshi Shiyad | 4,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Well Wisher - I | 2,000.00 |
| Shri Deepesh C Shah | 2,000.00 |
| Shri Niranjan Narshi Lodaya, Anjar | 2,000.00 |
| Shrimati Nita Mahendra Poladia | 1,501.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Shri Ravi Navin Shah | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Jesal Chandrakant Dand (Jain), Gandhidham | 1,000.00 |
| Shri Deepak Gangajar Shah, Varadiya - Bhandup | 1,000.00 |
| Shrimati Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shri Jitendra Lodaya | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case Balance (127) | 48,156.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## Anumodana

**Sanjivani Case - 128**

**Name : Mrs. Manisha Anil Dharamshi** **Age : 50 yrs.** **Village:Jakhau (Haal:Dombivli)**

| | |
|---|---|
| **Previous Cases Balance** | 44,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 129

**Name : Mr. Ramesh K. Munvar (Jiwani), Age : 72 yrs. Village: Jakhau (Haal: Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 35,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Sangh, Pune | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri (H: Shri Tileshbhai & Shri Nileshbhai Meisheri, Mulund - Dubai | 15,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| **Diamond Patrons** | |
| Shree KDO Classic Foundation, Mumbai | 5,000.00 |
| **Individual Donors** | |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Funds Trust | 5,000.00 |
| Shri Deepak Gangajar Dagha, Varadiya - Mulund | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 5,000.00 |
| Sakhi Vrund Mahila Mandal, Pune | 5,000.00 |
| Shri Hemant Manekji Shah Lodaya, Varadiya - vinipeg, Canada | 5,000.00 |
| Shrimati Hina Hemant Manekji Shah Lodaya, Varadiya - vinipeg, Canada | 5,000.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar , Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 1,000.00 |
| Shri Deepesh C. Shah | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Hemant Motichand Lalka, Solapur | 1,000.00 |
| Well Wisher | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Sayra - Adipur | 500.00 |
| Shri Shrikant B. Lodaya, Raichur | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 500.00 |
| Well Wisher | 202.00 |
| Previous Case Balances | 59,098.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 132

**Name : Mr. Kesar Champshi Dand, Age : 74 yrs. Village: Suthari (Haal: Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & it's Sadharan fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Mumbai | 35,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,500.00 |
| Shri KDO Jain Sangh, Pune | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, (H: Shri Tileshbhai & Shri Nileshbhai, Lala - Mulund - Dubai ) | 20,000.00 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| **Gold Patrons** | |
| Shri Manish Pravin Momaya, Varadia, Coimbatore | 2,000.00 |
| Matushri Gunvanti Laxmichand Luthia , Raydhanjar, Kolkatta | 2,000.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 1,500.00 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 1,500.00 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthri Navi Mumbai | 1,000.00 |
| **Silver Patrons** | |
| Matushri Maniben Ramji Shah (Lodaya) Nani Khavdi , Sangli | 1,000.00 |
| Matushri Madhuriben Bhavanji Lodaya, Kothara, Chalisgaon | 1,000.00 |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 1,000.00 |
| Shrimati Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,000.00 |
| **Genral Sanjivani Patron** | |
| Matushri Lilbai Shivji Lodaya ( Jayshriben ) | 1,300.00 |
| Smt. Maneesha Kamlesh Shah (Mota ), Aurangabad | 1,000.00 |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 1,000.00 |
| **Individual Donors** | |
| Shri Shailesh V Babariya | 21,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Matushri Vijayaben Versey Motta, Suthari - Andheri | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Dnyanesh Chimanlal Daga, Varadiya, Pune ( Patronics Eboards Pvt. Ltd. ) | 2,500.00 |

| | |
|---|---|
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar- Dombivli | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raichand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 131

**Name : Ms. Shruti Hiren Lodaya Age : 21 yrs. Village: Tera (Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 7,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 5,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 2,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Bangalore | 2,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 1,500.00 |
| Shri KDO Mandal , Dombivli | 1,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| **Individual Donors** | |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Tejas Gyanchand Shah | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Shantilal Laxmichand Shah | 5,000.00 |
| Shrimati Vaishali Lalit Shah, Hyderabad - Varapadhar | 2,000.00 |
| Shri Dnyanesh Chimanlal Daga, Varadiya, Pune ( Patronics Eboards Pvt. Ltd. ) | 1,500.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar, - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shri Deepesh C Shah | 1,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# સ્થાપનાના હીરક વર્ષમાં પ્રવેશ કરેલ શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજન

કચ્છ પ્રાંતના અબડાસા વિભાગના રળિયામણા લાલા નગરના શ્રી લાલા ચંદ્રપ્રભુજી જૈન દેરાસર અને મહાજનની સ્થાપના તા.૮ એપ્રિલ ૧૯૬૫માં થયેલ છે. જેનું ટ્રસ્ટ રજિ. નં.A857 કચ્છ છે સ્થાનિક સરનામું મુકામ પોષ્ટ લાલા તાલુકો અબડાસા-કચ્છ ફોન નં.૦૨૮૩૧-૨૮૭૨૭૧ જ્યારે મુંબઈ ખાતેનું સરનામું C/o. સાંઈકલ્પ કન્સલસ્ટન્ટ પ્રા.લિમીટેડ, ૧ બી વિંગ, ત્રીજે માળે, આગફા કોમ્પલેક્સ, વર્ધમાન નગરની પાસે, ડૉ.રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦.

જોગનુજોગ ટ્રસ્ટ સ્થાપનાના ૬૦મા હીરક વર્ષમાં આજે પ્રવેશ કરેલ છે. સંસ્થાનો ઉદ્દેશ ધાર્મિક ધર્માદા સખાવતી અને શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિજનોને લગતા ધાર્મિક અને સામાજિક કાર્યો કરવાનો ઉમદા હેતુસરનો છે. સંસ્થાના સ્થાપક પ્રમુખ અને તે વખતની કમિટીમાં લક્ષ્મીચંદ લાલજી લાલકા, ચાંપશી આણંદજી દંડ, લીલાધર આણંદજી મૈશેરી તથા રાઘવજી રામજી મૈશેરી હતા. હાલની વ્યવસ્થાપક કમિટીના પદાધિકારીઓમાં પ્રમુખ તરીકે પ્રમુખ જવેરભાઈ મૂળજી લાલકા-૯૩૯૩૯૪૩૧૧૦, ઉપપ્રમુખો મણિલાલ પદમશી દંડ-૯૮૨૭૦૩૯૯૩૯ તથા ભરત નારણજી મૈશેરી-૮૨૯૧૭૪૮૪૮૫, માનદ્‌મંત્રી પ્રવીણભાઈ ભવાનજી મૈશેરી-૯૮૨૦૦૭૧૭૫૯, સહમંત્રી તેજસ બંકીમચંદ્ર લાલકા-૯૩૨૦૨૨૦૦૯૮, ખજાનચી રાજેશ મૂળજી મૈશેરી-૯૯૦૯૮૮૩૩૭૦ તથા સભ્ય મિતેશ નવીનચંદ્ર લોડાયા-૮૭૫૮૪૮૭૦૨૭.

સંસ્થાની કાયમી પ્રવૃત્તિઓમાં વર્ષ દરમ્યાન પર્યુષણ મહાપર્વ તથા દેરાસરજીની વર્ષગાંઠની ઉજવણી.

સંસ્થામાં અતિથિગૃહ અને ભોજનશાળઆની સગવડ છે. અતિથિગૃહના ત્રણ રૂમ તથા સંસ્થાના જૂના મકાનો મેડીટાઈપ તેમજ જૂના અતિથિગૃહ નાનો મોટો ઉપાશ્રય તેમજ ભોજન શાળા છે. રહેવામાં ૫૦ થી ૭૫ જણની સગવડ તથા ભોજનની વ્યવસ્થા પૂજારી સંભાળે છે.

સંસ્થાના સંચાલન માટે સમિતિ તથા કાર્યપધ્ધતિ ૧) ટ્રસ્ટ બોર્ડ કમિટી તથા ૨) ધાર્મિક ઉત્સવ કમિટી.

સંસ્થાની વિશેષ વ્યક્તિઓ વિષે કોઈ સંકલિત માહિતી નથી.

હાલમાં સંજીવની કેસમાં ગામની વ્યક્તિને રૂા.૫ હજારનો ફાળો પ્રદાન કરી સહાયરૂપ થાય છે. સંસ્થાની સિધ્ધિઓ અને ગૌરવરૂપ ઘટનાઓમાં વર્ષ ૧૯૮૭માં પર્યુષણ પર્વ સાથે ૧૫ દિવસનો મહોત્સવમાં ૩૦૦ થી વધારે જણની હાજરી.

વર્ષ ૧૯૯૧માં ગામના દીકરી સાધ્વીશ્રીજી સંયમગુણાશ્રીજી મ.સા.નું ચોમાસું. વર્ષ ૧૯૯૬માં ગામના જ તેમજ જેમના પરિવાર દ્વારા દેરાસરનું નિર્માણ મળેલ એવા ગુરૂભગવંત પ.પૂ.શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.નું ચોમાસું.

વર્ષ ૧૯૯૬માં વાવાલાપરાની સંસ્થાની સ્થાપનાના પ્રથમ વર્ષનો મેળાવડો લાલા ગામમાં છઠના દિવસે

વર્ષ ૨૦૦૭માં ત્રણ દિવસનું મહોત્સવ

વર્ષ ૨૦૨૩માં ધ્વજા મહોત્સવનું દિવસનું આયોજન

વર્ષ ૨૦૧૭ થી દર વર્ષે ધ્વજારોહણ બે દિવસનું થાય છે તેમજ ૧૦ દિવસની પર્યુષણ મહાપર્વની ઉજવણી થાય છે.

સંસ્થા માટે નવો આઈડિયા અને અનુકરણ. નવી વસ્તુ આવેથી બધા ટ્રસ્ટીઓ સાથ ચર્ચા વિચારણા કરીને નિર્ણય લેવાય છે.

સંસ્થાના સિધ્ધાંતો સંસ્થા ધાર્મિક ધર્માદા તથા સખાવતી કાર્યો કરવાની સિધ્ધાંતોમાં માને છે. કમિટીઓ, મિત્ર મંડળ તેમજ નિયાણી બહેનો, લાલા તથા રાણપર ગામના બધા સાથે મળીને કાર્યક્રમ રૂપરેખા તૈયાર થાય છે.

જૈન ધર્મનો પ્રસાર-પ્રચાર ગામમાં જે પ્રવૃત્તિઓ થાય છે તે જ્ઞાતિ સમાજના સામયિકો પ્રકાશ સમીક્ષા તથા જ્ઞાતિમૈયામાં લેખ તેમજ ડિજિટલ માધ્યમથી વોટ્સએપ ગ્રુપ મારફતે.

ભવિષ્ય માટેની પ્રવૃત્તિઓ માટેનો સંકલ્પ ૧) અતિથિ ગ્રુપ માટે રૂમોની વ્યવસ્થા ૨) વિવિધલક્ષી હોલની વ્યવસ્થા કરવી.

# શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન, નલિયા

## માદરે વતન કચ્છની મુલાકાતે વ્યક્તિગત કે સમૂહમાં પધારતા યાત્રાળુઓ માટે ખાસ સૂચના





**અબડાસાની મોટી પંચતીર્થીના એક તીર્થ નલિયા તીર્થ મધ્યે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનમાં રોકાણ કરી. પંચતીર્થીઓના અન્ય તીર્થ, માતાના મઢ, નારાયણ સરોવર કોટેશ્વર તથા પોતાના ગામની મુલાકાતે જવા આવવા સરળતા સાથે સુવિધાજનક ઉતારા માટે એક માત્ર સંકુલ જેની વિશિષ્ટતામાં**

- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક વિશાળ હોલ
- પ્રાકૃતિક શાંત વાતાવરણ, સ્વચ્છ સુઘડ એરકન્ડિશન સાથેના રૂમ
- ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ વ્યવસ્થા
- બાથરૂમમાં નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- સેવા કાજે ચોવીસ કલાક સ્ટાફની ઉપસ્થિતિ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહારગૃહમાં સવારના ગરમાગરમ ચા નાસ્તો, બપોર–સાંજે શુધ્ધ સાત્વિક ભોજનની વ્યવસ્થા
- વિશાળ આંગણમાં ગાડી પાર્કિંગની વ્યવસ્થા. એક વારની મુલાકાત આપશે કાયમનું સંભારણું.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું–૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ – kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા–૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા–૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ–૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રવા આયોજિત સ્નેહમિલન સંપન્ન



તા.૩૧ માર્ચ રવિવારના કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા જૈન ભવન, જૈન મંદિરની પાછળ ચેમ્બુર પૂર્વ મધ્યે સાંજે ૪.૩૦ કલાકથી શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન રવા દ્વારા સ્નેહમિલનનું ભવ્ય આયોજન કરાયું. જેમાં ૧૦૦ જેટલા ગામવાસીઓ અને નિયાણી બહેનો સહ પરિવાર તથા આમંત્રિત મહેમાનો એ સહભાગ લઈ કાર્યક્રમની શોભા વધારી હતી.

વિવિધ ચઢાવા રવા ગામ તથા જ્ઞાતિ વિષયક ચર્ચાઓ કરી ઉપરાંત દાંડિયા રાસ અને વિવિધ ગેમ્સનો આનંદ માણતા ગામવાસી જ્ઞાતિજનો સાથે સ્નેહ ગોષ્ઠી કરી હતી.






# ગીતા સ્મૃતિ પેઢીના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી સાંધાણ જૈન મહાજનનું સ્મૃતિ ચિન્હ આપી સન્માન કરાયું

તા.૨ એપ્રિલ મંગળવારના શ્રી નારણજી શામજી વાડી માટુંગા મધે શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘ આયાજિત નૂતન ગીતા સ્મૃતિ પેઢીના ઉદ્ઘાટન કાર્યક્રમમાં શ્રી સાંધાણ જૈન મહાજનને સ્મૃતિ ચિન્હ આપીને બહુમાન કરાયું. બહુમાન શ્રી સાંધાણ જૈન મહાજનના પ્રમુખ ગુલાબભાઈ ધરમશી, મનીષભાઈ ધરમશી તથા મનીષભાઈ કાકનએ સ્વીકાર્યું હતું.



# સચ્ચાઈ માતાની તૃતીય સામૂહિક પહેડી પ્રસંગનું ભાવભર્યું આમંત્રણ

શ્રી ક.દ.ઓ.જ્ઞાતિના સચ્ચાઈ માતા પરિવારની તૃતીય સમૂહ પહેડી તા.૨૭ એપ્રિલ શનિવારના સાંજે ૪ કલાકે આર. આર.સભાગૃહ, મહાડા કોલોની, મુલંડ ઈસ્ટ મધે યોજેલ છે. સચ્ચાઈ માતાને નમતા તમામ ભાવિકોને પધારવા અને દર્શન તથા પહેડી પ્રસાદનો લાભ લેવાનું ભાવપૂર્ણ આમંત્રણ છે.

મુખ્ય દાતા તેમજ સહયોગી દાતા આવકાર્ય છે. સંપર્ક વિરેન્દ્ર લોડાયા-૯૦૮૨૫૫૭૦૨૨, સંદીપ લોડાયા-૯૮૬૭૧૬૭૩૮૭


# હાર્દિક અભિનંદન



લક્ષ્યને સાધી શકે, શિખર એ જ સર કરે
સંકલ્પને હાથ ધરે, સફળતા એને જ મળે
વધે તમારી નામના એ જ અમારી શુભકામના

## ચિ. વત્સલ જૈન

સરસ્વતી દેવીની અસીમ કૃપાથી MBBS ની ફાઈનલ પરીક્ષામાં ૬૭.૭૦ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થવા બદલ અઢળક અભિનંદન સાથે ભાવિ કારકિર્દી દરમ્યાન ઉચ્ચતમ શિખરો સર કરો એ શુભેચ્છા.

અંતરના આશિષ પ્રદાન કર્તા

દાદી-દાદા : માતુશ્રી કાંતાબાઈ નારાણજી માયા ધુલ્લા, બાયઠ-મુલુંડ
મમ્મી-પપ્પા : CA જયશ્રી નવીન નારાણજી ધુલ્લા
ભાભી-ભાઈ : અ.સૌ.નિધિ CA વિરલ ધુલ્લા
ફઈ-ફૂઆ : ધનલક્ષ્મી જીતેન્દ્ર ચિમનલાલ ધરમશી, મંજલ-ડોંબિવલી
વર્ષા હીરાચંદ ખેતશી શિયાલ, જખૌ-મુલુંડ
નાની-નાના : માતુશ્રી વિજયાબાઈ હીરાચંદ મેઘજી મોતા, નલિયા-મુલુંડ
માસી-માસી : ડૉ.પ્રવીણા હરેશ રતિલાલ ગાંધી, મેંદરડા-મુલુંડ
મામા : મનોજ હિરાચંદ મેઘજી મોતા



# વિશ્વ ઈડલી દિવસની ઉજવણી ૪૩ પ્રકારની ઈડલી બનાવીને કરી લતાબેન ધરમશીએ



વર્ષ ૨૦૧૫ માં ચેન્નાઈના પ્રખ્યાત રેસ્ટોરેન્ટના માલિક એનિયાવને ૧૩૨૮ પ્રકારની જુદી જુદી ઈડલી બનાવી તો સાથો સાથ ૪૪ કિલોની ઈડલીની કેક બનાવીને બ્યુરોક્રેટ દ્વારા કપાવી તેને વિશ્વ ઈડલી દિવસના રૂપે મનાવવાની શરૂઆત કરી. એ દિવસ હતો ૩૦ માર્ચનો. ત્યારથી એ દિવસને વિશ્વ ઈડલી દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

સાઉથ ઈન્ડિયન વાનગીઓની યાદી બનાવવામાં આવે તો સૌ પ્રથમ ઈડલીનું નામ પ્રારંભમાં આવતે. દક્ષિણ ભારતના લોકો ઈડલીનો ઉપયોગ રોંજીંદી વાનગી તરીકે કરે છે તો ભારતના વિવિધ પ્રદેશોમાં લોકો ઈડલીને સવારના નાસ્તા તરીકે લે છે. તો હવે દરેક જગ્યાએ બપોરના ભોજન કે રાત્રિ ભોજનમાં પણ તેનો વપરાશ વધ્યો છે. એટલે હવે ઈડલી માત્ર રાષ્ટ્રમાં જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ લોકપ્રિય વાનગીની ડીશ છે.

ભુજ માંડવી રોડ પર કોડાય પુલ નજીક ગુણ પુરી ગેટની સામે સ્વાદ ફૂડ સેન્ટર ચલાવતા મૂળ કચ્છના લતાબેન સોમચંદ ધરમશી ઘરના ટાંચા સાધનોથી નાના પાયે વ્યવસાય ૧૫ વર્ષ અગાઉ કર્યો હતો. ત્યારે એમને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે તેઓ ૪૩ પ્રકારની ઈડલી વિશ્વ ઈડલી દિવસ નિમિત્તે બનાવશે. મહિલા અશક્તિકરણનો જીવંત ઉદાહરણ બની ચૂકેલા લતાબેન ધરમશી આ કરિશ્મો પોતાના સ્વબળે બનાવી શક્યા છે. આ સાહસ અને સિધ્ધિમાં એમના પતિનો પૂરેપૂરો સાથ સહકાર મળતો રહ્યો છે. ૨૪ કલાકમાંથી માત્ર ચારથી પાંચ કલાક ઊંઘ કરતાં આ વય વરિષ્ઠ વડીલ દંપતિ અનેકના માટે પ્રેરણા સ્ત્રોત છે. કશુંક નવું કરવાની ધગશ રાખતા લતાબેન વિશ્વ ઈડલી દિવસ નિમિત્તે બનાવેલ ૪૩ પ્રકારની ઈડલીના નામો આશ્ચર્ય સાથે બોલી ગયા. જેમાંથી કેટલાક નામો મારબલ ઈડલી, થર ઇડલી, કેરેટ ઈડલી, બ્લેક ઈડલી, ત્રિરંગા ઈડલી, પિઝા ઈડલી, કોકોનેટ ઈડલી, કોર્ન ચીઝ ઈડલી, બિટરૂટ ઈડલી, કાંચી પુરમ ઈડલી, ઈડલી ટકાટક વિગેરે વિગેરે. સ્વાદ અને ગુણવત્તામાં બાંધછોડ ન કરવામાં માનતા લતાબેન ધરમશીની આ સિધ્ધિને અભિનંદન આપતા બિરદાવીએ. ભવિષ્યમાં આવા ઉચ્ચ શિખરો પાર કરે એવી શુભકામના પણ આપીએ.

# શ્રી ક.દ.ઓ.જ્ઞાતિ મહાજન ભુજના પ્રમુખ પદે પ્રબોધ મુનવરની વરણી થઈ



કચ્છના પાટનગરના શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજન ભુજના પ્રમુખપદે સતત ત્રીજી વખત પ્રબોધભાઈ હીરાચંદ મુનવરની સર્વ સંમતિથી વરણી કરાઈ છે. જે માટે પ્રબોધભાઈને હાર્દિક અભિનંદન સાથે જ્ઞાતિ હિત ઉન્નતિના કાર્યો નિરંતર આગળ વધારતા રહે એ શુભેચ્છા.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ગોએરસમા તથા બારોઈ જિનાલયોની વર્ષગાંઠ ભવ્યતાથી ઉજવાઈ





૯૬ વર્ષ પ્રાચીન ગોએરસમાના શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલય અને ૧૬૨ વર્ષ પ્રાચીન બારોઈના શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયની વર્ષગાંઠનો દ્વિદિવસીય મહોત્સવ અચલગચ્છાધિપતિશ્રીજીના આશીર્વાદ થકી તેમના આજ્ઞાનુવર્તી પ.પૂ.સાધ્વીશ્રી વિશ્વોદયશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી દેવગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની શુભનિશ્રામાં કિશોરભાઈ સંગારની સંગીત મંડળી અને સુરેશભાઈ ગઢેચાના વિધિક્રિયા સાથે આનંદ ઉલ્લાસ, રમઝટ ભર્યા માહોલમાં આમંત્રણને માન આપીને બહારગામથી પધારેલા અતિથિ ગણ તથા સોસાયટી વિસ્તારના લોકોની ભવ્યતાભરી બહોળી હાજરીમાં સંપન્ન થયો.

મહોત્સવના તમામ લાભાર્થી પરિવારો શ્રાવક શ્રાવિકાઓની શ્રી ગોએરસમા બારોઈના જૈન જ્ઞાતિ મહાજન અને ટ્રસ્ટવતી અનુમોદના કરાઈ હતી. ગોએરસમા જિનાલયની ધજાના લાભાર્થી ગોએરસમાના માતુશ્રી કસ્તુરીબાઈ કેશવજી પોલડીયાના સુપુત્રી, બારોઈના માતુશ્રી મણિબાઈ કાંતિલાલ ગોસરના પુત્રવધૂ શ્રીમતી લક્ષ્મીબેન રાજેન્દ્રભાઈ ગોસર, તેમના સુપુત્રી અ.સૌ.શ્વેતાબેનના જન્મદિવસ નિમિત્તે અને બારોઈ જિનાલયની કાયમી ધજાના લાભાર્થી કાંતિલાલ ખીમજી ગોસર બારોઈ હાલે મુંબઈ રહ્યા હતા. એવી માહિતી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા માનદ્ મંત્રી ગોઅરેસમા બારોઈ જૈન જ્ઞાતિ મહાજન અને ટ્રસ્ટ વતીથી જણાવેલ.

# અમદાવાદ મહાજન દ્વારા ગુરૂદેવના સેવકોનું બહુમાન કરાયું









પૂ.ગુરૂદેવોના વિહાર માટેના વિહાર ગ્રુપના શ્રાવકોના બહુમાન બહુ જોયા. શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી કલાપ્રભસાગરસસૂરીશ્વરજી મ.સા. અને અન્ય ગુરૂદેવોના ઉગ્ર વિહારમાં રાત દિવસ વ્હિલ ચેર ચલાવતા સેવકોનું બહુમાન કરી શાસનમાં એક અલગ ઉદાહરણ પૂરુ પાડ્યું હતું.









# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલીના પ્રમુખ પદે મહેન્દ્ર મેઘજી મોતાની બિનહરીફ વરણી થઈ

શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલીના એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૭ સુધી નવી ટર્મના આગામી ત્રણ વર્ષ માટે વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ પદે કચ્છ વારાપધ્ધર હાલ ડોંબિવલીના મહેન્દ્ર મેઘજી મોતાના બિનહરીફ વરણી કરાઈ. આ પદ નિયુક્તિ માટે મહેન્દ્રભાઈ મોતાને હાર્દિક અભિનંદન સાથે તેમના કાર્યકાળ દરમ્યાન જ્ઞાતિ સમાજના વિકાસ અને ઉત્કર્ષના વિવિધ કાર્યો પૂરપાટ વેગે આગળ વધતા રહે એવી શુભકામના.

# પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કાર નિધિશ્રીજી મ.સા.એ સંયમજીવનના ૧૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ ગામ કુવાપધ્ધરના માવિત્ર માતુશ્રી વિમલાબાઈ શાંતિલાલ મોતાના ધર્મ સંસ્કારથી રંગાયેલા સુપુત્રી વિક્રમ સવંત ૨૦૬૩ના ફાગણ વદ તિથિ સાતમના રોજ ભારતનગર ગાંધીધામ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નવું નામ પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કાર નિધિશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પથનો પુનિત પ્રવાસનો પ્રારંભ કર્યો.

આજે સંવત ૨૦૮૦ના ફાગણ વદી ૭ તિથિ દિને પૂજ્ય સાહેબ તપ, ત્યાગ, ધર્મ આરાધના કરતાં સંયમ જીવનના સતર વર્ષ પૂરા કર્યા અને અઢારમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂ ભક્તોની મંગલ કામના છે કે પૂજ્ય સાહેબજી આત્મ મોક્ષ કલ્યાણના માર્ગે અવિરત આગળ વધતા રહી રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ વળોટી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થાય એજ ભાવના સહ વંદના.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ગૌરાંગભાઈ મૈશેરી**
**તા.૩૧ માર્ચ (ઉ.૩૮)**
**બાંડિયા-અમદાવાદ**



**લક્ષ્મીબાઈ લોડાયા**
**તા.૫ એપ્રિલ (ઉ.૮૯)**
**સાંયરા-બેંગ્લોર**



**સોનબાઈ ખોના**
**તા.૫ એપ્રિલ (ઉ.૮૯)**
**નલીયા-કોચીન**

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● વિક્રમ સંવત ૧૮૧૯ માગસર સુદ નોમના કચ્છના ઈતિહાસનું મોટું યુધ્ધ ઝારા ડુંગરે થયું જે વિશ્વની ૨૧ મોટી લડાઈમાં તેનું નામ સામેલ થયું છે. પણ ઝારા ડુંગરના વિકાસ માટે અને તેને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા હજુ સુધી કોઈ નક્કર કામ થયું નથી તેનો વસવસો લખપત તાલુકાવાસીઓને થાય છે. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપમાં મૃત્યુ પામેલા ૧૩ હજાર જેટલા દિવ્ય આત્માઓને માટે ભુજિયા ડુંગર પર તેમની સ્મૃતિ માટે શ્રધ્ધાંજલિ રૂપે સ્મૃતિવન બન્યું છે. તે જ પ્રકારે ઝારાના વીર કચ્છી સપૂતોને યાદ કરવા ઝારા ડુંગર પર સ્મૃતિવન બને તે જરૂરી છે. ઝારાના જંગમાં વતનની રક્ષા કાજે હજારો લોકોએ શહીદી વહોરી લીધી હતી એવું ઈતિહાસમાં અંકિત છે. અહીં મીઠા ગુગળના પુષ્કળ વૃક્ષો છે. જે ગુજરાતમાં આ ઔષધીય વનસ્પતિ નહીંવત છે. આજે ઝારા ડુંગર પર પવનચક્કી પહોંચી ચૂકી છે. મીઠા ગુગળના વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે તે ઝારાને રક્ષિત સ્થળ જાહેર કરાય એ જરૂરી છે.

● ખિસ્સામાં બાજરાના રોટલાના ટુકડા રાખીને ભૂખ લાગે ત્યારે જઠરાગ્નિને ઠારવા રોટલાના ટુકડા ખાતા ખાતા કપાસ વીણતાં ચૂસિયા મજૂર કપાસની દરેક સિઝનમાં મધ્યપ્રદેશથી કચ્છમાં ખાસ કરીને અબડાસાના વાડી ખેતરોમાં પડાવ નાંખે છે. છેક મધ્યપ્રદેશના ગામડાઓમાંથી આવતા આદિવાસી મજૂરો ૫૦ હજાર એકરમાં દરરોજ ૯૦થી ૧૦૦ કિલો એક વ્યક્તિ પેદાશ વીણી આવે છે. અંદાજે ૨૦ હજાર જેટલા સંખ્યામાં શ્રમિકો ત્રણ ચાર મહિનામાં કપાસ વીણી રોજગારી રળે છે. એક કિલોદીઠ રૂા.૯ મજૂરી મેળવે છે. એટલે સમય બરબાદ કરવાને બદલે વધુ કલાક કામ કરીને કમાણી કરે છે. તેમને કામ આપવા માટે સ્થાનિક દલાલ વચ્ચે હોય છે તેમને કિલો દીઠ કમિશન ખેડૂતો આપે છે.

● કચ્છી ગુર્જર જૈન સમાજ માટુંગા દ્વારા મૂળ મુંદરાના હાલે હૈદ્રાબાદના પ્રદીપ કેશવલાલ સંઘવીને સમાજરત્ન એવોર્ડ એનાયત કરાયો. ૧૯૭૯થી ભારતભરમાં કચ્છી ગુર્જર જૈન પરિવાર દ્વારા ચલાવવામાં આવતી બેંકના ચેરમેન છે. ૧૯૯૭માં દક્ષિણ ભારત કચ્છી ગુર્જર જૈન પરિવારની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં અંદાજિત એક હજાર પરિવારનો સમાવેશ છે. તેના તેઓ માનદમંત્રી છે. તેઓ ૧૯૯૭ થી કાર્યરત માતૃસંસ્થા કચ્છી મિત્ર મંડળ હૈદ્રાબાદના ટ્રસ્ટીપદે સેવા આપી રહ્યાં છે.

● નખત્રાણા તાલુકાના ઉખેડા ગામના માલધારી પરિવારના મમુ વંકા રબારી રામદર્શનની ચાહત કરી અયોધ્યા સુધીની સાઈકલ યાત્રા શરૂ કરી. ઉખેડાથી અયોધ્યા ૧૮૦૦ કિ.મી. દૂર છે પણ ભગવાન રામ તારણહાર બનશે એવો દૃઢ વિશ્વાસ ધરાવે છે. રોજના ૨૫૦ કિ.મી.નો અંતર કાપવાનો ઈરાદો ધરાવે છે છતાં ખરો હુકમ રામનો એમ તેઓ કહે છે. દેલમાલ, વાડીનાથ, ઉજ્જૈન બાગેશ્વર થઈને યુ.પી. પહોંચવાનો રૂટ છે. હજી એક ઈચ્છા છે કે પાકિસ્તાનમાં હિંગલા જ માતાજીના દર્શન કરવા સાઈકલ દ્વારા જવાની.

● નખત્રાણા તાલુકાના નાના અંગિયાના મનોજ વાઘાણી દાતાઓના સહકારથી અત્યાર સુધી ત્રણ પક્ષી પોઈન્ટનું નિર્માણ કરી ચૂક્યાં છે. ચોથો પોઈન્ટ તૈયાર થઈ ગયો છે. તેમનું લક્ષ્ય તો ગિરનાર જેવા સફારી પાર્કનું છે. પર્યાવરણ અને પક્ષીપ્રેમી એવા મનોજભાઈ મૂછાળા તરીકે ઓળખાય છે. નાના અંગિયાના ત્રિભેટે તેમણે ટ્રાય એંગલ પક્ષી પોઈન્ટના મંડાણ કરી પક્ષીઓને ચલ ઝૂલા, પાણીના કુંડા, નાની નાની બખોલ વગેરેનું સર્જન કર્યું. અન્ય જાનવરો પક્ષીઓનું ચણ ઉપરાંત કૂતરા જેવા પ્રાણીઓ પક્ષીઓને ખાઈ જાય છે. આ સ્થિતિથી નિપટવા ચારે તરફ છથી સાત ફૂટની જાળી લગાવી આમ બની ગયો પક્ષી પોઈન્ટ. કચ્છમાં ખાસ તો પવન ચક્કીઓના ઉદય અને ખડકલાથી છેલ્લા થોડા સમયથી પક્ષીઓના જીવન પર ખતરો મંડરાયો છે. તેવા સમયે મનોજભાઈ જેવા પક્ષી પ્રેમીએ રૂપકડાં પંખીઓને બચાવવા ૩૦ જેટલા પક્ષી પોઈન્ટ વિકસાવવાનું બીડું ઝડપ્યું છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA